

ખંડ-૫
અંક-૪
એપ્રિલ ૨૦૧૯

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
કૃષિ ઉદય...

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કળમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. બૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
શ્રી મનિષ મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઇકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

## ઘઉંની આયાત જકાતમાં ૪૦% નો વધારો...



દેશમાં સ્થાનિક સ્તરે અનાજના વિક્રમ જનક ઉત્પાદનના કારણે સરકારે ઘઉંની આયાત જકાત 30 ટકાથી વધારીને ૪૦ ટકા જેટલી કરી દીધી છે. એપ્રિલના છેલ્લાં અઠવાડિયામાં જાહેર કરાયેલ નિર્ણયની જાહેરાતથી ભારતીય ખાદ્ય નિગમ અને રાજ્ય સરકારની એજન્સીઓના ગોદામોમાંથી વધારાનું અનાજ વેચવા માટે ખુલ્લા બજારમાં વેચવા માટે આવશે તેવો સરકારની યોજનાનો આશય છે. ભારતે ખાસ કરીને રશિયામાંથી ઉંચી જકાતથી અનાજમાં ખાસ કરીને ઘઉંની આયાત જકાતના કારણે ખાસ કરીને રશિયાના સસ્તા ઘઉં એ અનાજ દળવાની મીલો માટે પોષણક્ષમ રહ્યા નથી. જ્યારે મીલો વિદેશમાંથી ઘઉંની આયાત વધુ કરે છે ત્યારે સ્થાનિક કક્ષાએ ખેડૂતોને મળતી ઘઉંની કિંમતમાં ઘટાડો થાય છે. એક અનાજ દળવાની મીલના માલિકના જણાવ્યા મુજબ ''જો આયાત જકાતમાં વધારો કરવામાં ન આવ્યો હોત તો સરકારની ખુલ્લા બજારમાં વેચાણની નીતિને અનાજ દળવાની મીલો અને બિસ્કિટ બનાવટના એકમો અસર કરી શક્યા હોત''. સરકારે ખુલ્લા બજારમાં ૧૦ મિલિયન ટન ઘઉં અને ૨ મિલિયન ટન ચોખાનું વેચાણ કરવાની યોજના બનાવી છે. પાછલાં વર્ષમાં અનાજના વિક્રમ જનક ઉત્પાદનને કારણે સ્થાનિક બજારમાં પુરવઠો વધી જતો હોવાથી દેશમાં ઘઉંના ભાવો નીચા રહે છે. આ વર્ષે ભારતમાં ૯૯.૧૨ મિલિયન ટન અનાજનું ઉત્પાદન થવાની સંભાવના છે. સરકારે સૌપ્રથમ વખત માર્ચ-૨૦૧૭માં ઘઉં પર ૧૦% આયાત જકાત નાંખી હતી. તે જ વર્ષે નવેમ્બર મહિનામાં ઘઉં પર આયાત જકાતનું પ્રમાણ વધારી ૨૦% કર્યું હતું અને ત્યાર બાદ ઘઉંની આયાતને પ્રતિબંધિત કરવા માટે મે,૨૦૧૮ માં આયાત જકાતનું પ્રમાણ વધારીને 30% સુધી કરવામાં આવેલ હતું.

## નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશન પ્રા.લી. એ ૨૦૧૮-૧૯ના વર્ષથી રવી પાકના અંદાજો પ્રકાશિત કર્યા...

નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશન પ્રા.લી. (NBHC) એ ૨૦૧૮-૧૯ના વર્ષથી રવી પાકના અંદાજો અંગેના તેના અંતિમ અહેવાલો પ્રકાશિત કર્યા છે. જેમાં તેઓએ જણાવ્યુ છે કે ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને તામિલનાડુમાં ઓછા વરસાદના કારણે મુખ્ય પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે. એપ્રિલ મહિનાના છેલ્લાં અઠવાડિયે જાહેર કરવામાં આવેલ અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ઘઉંની ઉંચી ઉપજ ધરાવતા ઉત્તર ભારતના રાજ્યોમાં ઘઉંના ઉત્પાદનમાં ૦.૬૪% નો નજીવો વધારો થવાની ધારણા છે. પરંતુ પાછલાં વર્ષમાં મુખ્યત્વે દુષ્કાળગ્રસ્ત રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાને કારણે ઘઉંના ઉત્પાદનમાં ૪.૩૯% જેટલો ઘટાડો થવાની ધારણા છે. NBHC એ તેના અહેવાલમાં વધુ ઉમેરતા જણાવ્યું હતું કે કુલ કઠોળના ઉત્પાદનમાં જેનો ૭૦% વધુ હિસ્સો છે તેવા ચણાના કુલ ઉત્પાદનમાં ૧૦.૮૫% જેટલો ઘટાડો થવાને કારણે કુલ કઠોળના ઉત્પાદનમાં ૧.૩૪% કરતાં વધુ ઘટાડો થવાની ધારણા છે. મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે ચણાના કુલ ઉત્પાદનમાં અંદાજ કરતા ૦.૩૭% જેટલો ઘટાડો થવાની ધારણા છે. અનુકૂળ હવામાન પરિસ્થિતિને કારણે રાયડાના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ઉપજમાં વધારો થવાથી રાયડાના ઉત્પાદનમાં અંદાજીત ૦.૩૦% નો વધારો થતાં કુલ ઉત્પાદન ૮.૨૦ મિલિયન મેટ્રીક ટન જેટલું થવાની સંભાવના છે કે જે ગયા વર્ષની તુલનામાં ૪.૭૮% વધારે છે. દેશમાં જૂન-સપ્ટેમ્બર મહિનામાં ચોમાસા દરમિયાન વરસાદ સામાન્ય કરતાં ઓછો હતો અને વરસાદ લાંબા ગાળાની સરેરાશના ૯૧ ટકા જેટલો હતો. દક્ષિણ ભારતના રાજ્યોમાં શિયાળામાં વરસાદની અછતને કારણે રવી પાક માટે ભેજના પ્રમાણમાં ૪૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. દેશમાં વર્ષ-૨૦૧૯માં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં સરેરાશ વરસાદ કરતાં ૨૨ ટકા વધારે વરસાદ નોંધાયો છે, જે છેલ્લાં પાંચ વર્ષમાં આ બે મહિનામાં સૌથી વધારે વરસાદ જોવા મળેલ છે. ગુજરાત, કર્ણાટક અને ઉત્તર-પૂર્વીય પ્રદેશના અમુક વિસ્તારો બાદ કરતા દેશમાં વરસાદ સારો અને સમયસર થયો હતો. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઝારખંડ, ઓરિસ્સા અને કર્ણાટક જેવા રાજ્યો દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે ભારે અસરગ્રસ્ત બન્યા છે. ઉષ્ણ કટિબંધીય ઉત્તર-પૂર્વ ચોમાસામાં ઓછા વરસાદ અને સૂકી (ભેજનું ઓછું પ્રમાણ) પરિસ્થિતિને કારણે રવી પાકના વાવેતરમાં ૪ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. NBHC એ તેના પ્રથમ અંદાજમાં વ્યાપકપણે એવા તારણો પર આવેલ છે કે વર્ષ ૨૦૧૭-૧૮ની તુલનાએ ૨૦૧૮-૧૯માં કુલ અનાજ, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં અનુક્રમે ૯.૭૨, ૧૦.૧૨ અને ૩.૭૯ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. સંક્ષિપ્તમાં, કઠોળ અને તેલીબિયાંના ઉત્પાદનમાં નકારાત્મક ઘટાડો થોડો વધારે છે જે છેલ્લાં અંદાજ કરતાં અનુક્રમે ૧.૩૪ અને ૧.૫૯ ટકા જેટલો અપેક્ષિત ઘટાડો દર્શાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુમાં ઓછા વરસાદને કારણે મુખ્ય પાકોના વાવેતર વિસ્તારમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે.

વર્ષ ૨૦૧૮-૧૯માં ઘઉંની ઉંચી ઉપજ ધરાવતા ઉત્તર ભારતના રાજ્યોમાં ઘઉંના ઉત્પાદનમાં ૦.૬૪% નો નજીવો વધારો થવાની ધારણા છે. પરંતુ પાછલાં વર્ષમાં મુખ્યત્વે દુષ્કાળગ્રસ્ત રાજ્યો જેવા કે મહારાષ્ટ્ર, ગુજરાત અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ઘટાડો થવાને કારણે ઘઉંના ઉત્પાદનમાં ૪.૩૯% જેટલો ઘટાડો થવાની ધારણા છે. ડાંગરના ઉત્પાદનમાં પાછલા અંદાજ કરતા ૦.૧૯ ટકાનો ઘટાડો થવાની ધારણા છે જે પાછલા વર્ષે તામિલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં ડાંગરના વાવેતરમાં ઘટાડો થવાને કારણે ગયા વર્ષની તુલનામાં ૨૯.૦૪ ટકાનો ઘટાડો દર્શાવે છે. મકાઇ અને જુવારના ઉત્પાદનમાં અનુક્રમે ૪.૫૩ ટકા અને ૦.૪૧ ટકા જેટલો ઘટાડો થવાની ધારણા છે, જે પાછલા વર્ષના અંદાજ કરતાં ઉત્પાદનમાં એકંદરે ઘટીને અનુક્રમે ૨૮.૭૭ ટકા અને ૪૩.૧૬ ટકા વધ્યો છે. કઠોળનું ઉત્પાદનમાં ૧.૩૪ ટકાનો વધારો થતાં તે ૧૪.૨૮ મિલિયન મેટ્રિક ટન થવાની ધારણા છે કે જે ૧૪.૪૮ મિલિયન મેટ્રિક ટનનો અંદાજ છે જે પાછલા વર્ષના ૧૫.૮૯ મિલિયન મેટ્રિક ટનની સરખામણીએ ઓછો છે. કુલ કઠોળના ઉત્પાદનમાં જેનો ૭૦% વધુ હિસ્સો છે તેવા ચણાના કુલ ઉત્પાદનમાં ૧૦.૮૫% જેટલો ઘટાડો થવાને કારણે કુલ કઠોળના ઉત્પાદનમાં ૧.૩૪% કરતાં વધુ ઘટાડો થવાની ધારણા છે. મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિને કારણે ચણાના કુલ ઉત્પાદનમાં અંદાજ કરતા ૦.૩૭% જેટલો ઘટાડો થવાની ધારણા છે. છેલ્લાં અંદાજ કરતા અડદ અને મગના ઉત્પાદનમાં અનુક્રમે ૦.૭૪ ટકા અને ૦.૬૫ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. ખાસ કરીને ગુજરાતમાં પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે મગફળીના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે તેના કારણે કુલ તેલીબિયાંનુ ઉત્પાદન ૯.૯૨ મિલિયન મેટ્રીક ટન જેટલું થવાનો અંદાજ છે જે મુખ્ય અંદાજ કરતા ૦.૨૧ ટકા ઓછો છે. મગફળી, કસુંબી, સૂરજમુખી અને અળસીના ઉત્પાદનમાં છેલ્લા અંદાજ મુજબ અનુક્રમે ૫.૦૫, ૦.૧૯, ૦.૧૮ અને ૦.૪૫ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. અનુકૂળ હવામાન

Acknowledged the information used/taken from the public domain


પરિસ્થિતિને કારણે રાયડાના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં ઉપજમાં વધારો થવાથી રાયડાના ઉત્પાદનમાં અંદાજીત ૦.૩૦% નો વધારો થતાં કુલ ઉત્પાદન ૮.૨૦ મિલિયન મેટ્રિક ટન જેટલું થવાની સંભાવના છે કે જે ગયા વર્ષની તુલનામાં ૪.૭૮% વધારે છે.

**ભારતીય ખાંડ મિલાએ શેરડી પકવતા ખેડૂતોને ૪.૩૮ અબજ ડોલર ચૂકવવાના બાકી...**



સરકારી અને ઔદ્યોગિક માહિતીના સ્ત્રોત મુજબ, ખોટમાં ચાલી રહેલ ભારતીય ખાંડ મિલોને શેરડી પકવતા ૫૦ મિલિયન ખેડૂતોને ચૂકવવાના પડતા બાકી રકમના લેણાં ૪.૩૮ અબજ ડોલરનો રેકોર્ડ બનાવેલ છે. જેઓને એક વર્ષ કરતા વધુ સમયથી ખેડૂતોને તેમની ઉપજના નાણાં ચૂકવેલ નથી. શેરડીનું વધતુ જતું વિક્રમજનક વાવેતર અને વિક્રમી ઉત્પાદનને લીધે તેની સ્થાનિક કિંમતોને અસર થયેલ છે. અને તેના લીધે મિલોની આર્થિક પરિસ્થિતિ એટલી બધી કથળી ગઇ છે કે ખેડૂતોના બાકી નિકળતા લેણાંની ચૂકવણી કરવી મુશ્કેલ થઇ પડી છે. ખેડૂતોના બાકી નિકળતા લેણાંની રકમને લીધે ઉત્તર-પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પંજાબ, હરિયાણા અને કર્ણાટક જેવા મુખ્ય શેરડી ઉત્પાદક રાજ્યોના ખેડૂતોને અસર કરે છે. સરકારી અને ઔદ્યોગિક માહિતીના સ્ત્રોત દ્વારા મળેલ માહિતી મુજબ, શેરડીના ભાવો અને ખાંડ મિલો દ્વારા ખરીદવામાં આવેલ જથ્થાની ગણતરી પ્રમાણે કુલ ૪.૩૮ અબજ ડોલરની ચૂકવણીમાંથી ભારતનું સૌથી વધુ શેરડી પકવતું રાજ્ય ઉત્તર પ્રદેશમાં જ લગભગ ૧૦૮ અબજ રુપિયા (૧.૫૬ અબજ ડોલર) ની ચૂકવણી મિલોએ ખેડૂતોને કરવાની બાકી છે. સરકારી અને ઔદ્યોગિક માહિતીના સ્ત્રોત દ્વારા મળેલ માહિતી મુજબ, ઉત્તર પ્રદેશમાં જે શેરડી મિલોએ ખેડૂતોને પૈસાની ચૂકવણી કરવાની બાકી છે તે યાદીમાં મવાના સુગર લિમિટેડ, બજાજ હિન્દુસ્તાન સુગર લિમિટેડ, સિમ્ભોલી સુગર લિમિટેડ આ ઉપરાંત અસૂચિબદ્ધ મોદી સુગર મિલ્સ, વેવ ઇન્ડસ્ટ્રીઝ અને યદુ સુગર લિમિટેડનો સમાવેશ થાય છે. ખાંડ ઉત્પાદન ખર્ચ કરતાં તેની મળતી કિંમત ઘણી ઓછી છે તે ઉપરાંત ૮૦૦ અબજ રુપિયાની વિશાળ મશીનરી મીલની ચૂકવણી કરવાની ક્ષમતાને પ્રતિકૂળ અસર પહોંચાડે છે તેવું ભારતીય ખાંડ ઉત્પાદન મિલ્સ એસોસીએશનના પ્રમુખ અવિનાશ વર્માએ જણાવ્યુ હતુ. ખાંડ મિલ્સમાં ઉંચો મશીનરી ખર્ચ અને ખાંડના સ્થાનિક ભાવમાં ઘટાડો તેમજ સંગ્રહ ખર્ચમાં વધારો થયો છે. તેના કારણે ખાંડ મિલોની આવકમાં ઘટાડો થયેલ છે અને તેના કારણે તેઓને ખેડૂતોને બાકી નાણાં ચૂકવવા મુશ્કેલ બનતા જાય છે. છેલ્લાં બે વર્ષમાં જેમ શેરડીના પાકના વાવેતરમાં વધારો થયો છે તેમ ખાંડના સ્થાનિક ભાવોમાં પણ ઘટાડો થતો જાય છે. ક્યારેક મિલો તેમને ખાંડના ઉત્પાદન ખર્ચ કરતાં નીચી કિંમત મળે છે એવી પણ ફરિયાદ કરે છે.

**ભારતમાં કપાસની નિકાસમાં થતો દર વર્ષે ઘટાડો...**



ભારતીય કપાસ સંગઠને (CAI) ૨૦૧૮-૧૯માં ૪૭ લાખ ગાંસડી કપાસની નિકાસ થવાનો અંદાજ મૂક્યો છે, જે ગયા વર્ષના અંદાજીત ૬૯ લાખ ગાંસડી કપાસની નિકાસની સરખામણીમાં ૨૨ લાખ ગાંસડી ઓછો છે. ભારતીય કપાસ સંગઠને ૨૦૧૮-૧૯માં ૩૨૧ લાખ ગાંસડી (દરેક ૧૭૦ કિલોની) કપાસની નિકાસનો અંદાજ મૂક્યો છે જે ગયા મહિનાના ૩૨૮ લાખ ગાંસડીના અગાઉના અંદાજ કરતા ૭ લાખ ગાંસડી ઓછો છે. ભારતીય કપાસ સંગઠને અનુક્રમે ગુજરાતમાં ૧ લાખ ગાંસડી, મહારાષ્ટ્રમાં ૦.૮૦ લાખ ગાંસડી, તેલંગાણામાં ૪ લાખ ગાંસડી, આંધ્રપ્રદેશમાં ૧ લાખ ગાંસડી, કર્ણાટકમાં ૦.૭૫ લાખ ગાંસડી જ્યારે તામિલનાડુમાં ૦.૫૦ લાખ ગાંસડી અને ઓરિસ્સામાં ૦.૦૫ લાખ ગાંસડી જેટલો કપાસની નિકાસ માટેના અંદાજોમાં ઘટાડો કર્યો છે. આ વર્ષ દરમિયાન કપાસના પાકમાં ઘટાડો થવાના મુખ્ય કારણોમાં એક કારણ કેટલાંક રાજ્યોમાં પડેલ પાણીની અછત છે અને ખેડૂતોએ કપાસની ત્રીજી અને ચોથી વીણીની રાહ જોયા વિના જ લગભગ ૭૦ થી ૮૦ ટકા વિસ્તારમાં કપાસના છોડનો નાશ કર્યો હતો. ભારતીય કપાસ સંગઠને ઓક્ટોબર, ૨૦૧૮ થી માર્ચ, ૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન કપાસનો કુલ પુરવઠો ૨૯૦ લાખ ગાંસડી (દરેક ૧૭૦ કિલોની) હોવાનો અંદાજ દર્શાવેલ છે. જેમાં, ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૨૫૫.૮૩ લાખ ગાંસડીની આવક, ૩૧ માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૬.૧૭ લાખ ગાંસડીની આયાત અને સિઝનની શરુઆતનો ૨૮ લાખ ગાંસડીના જથ્થાનો સમાવેશ થાય છે.

વધુમાં, ભારતીય કપાસ સંગઠને ઓક્ટોબર, ૨૦૧૮ થી માર્ચ, ૨૦૧૯ દરમિયાન ૧૫૮ લાખ ગાંસડી કપાસના વપરાશનો અંદાજ મૂકેલ છે. જ્યારે ૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૩૯ લાખ

ગાંસડી કપાસની નિકાસનો અંદાજ છે. માર્ચ, ૨૦૧૯ અંતે કપાસના કુલ પુરવઠાનો અંદાજ ૯૩ લાખ ગાંસડી છે જેમાં કાપડ મિલો પાસે રહેલ ૪૫.૮૫ લાખ ગાંસડી જથ્થો, ભારતીય કપાસ નિગમ તેમજ અન્ય (બહુરાષ્ટ્રીય કંપનીઓ, વેપારીઓ અને જીન મિલો) પાસે રહેલ ૪૭.૧૫ લાખ ગાંસડીનો સમાવેશ થાય છે. ભારતીય કપાસ સંગઠને વર્ષ ૨૦૧૮-૧૯ માટે વાર્ષિક સરવૈયુ પત્રક પણ રજૂ કર્યું છે જેમાં કપાસની સિઝનની અંત સુધીમાં કુલ કપાસનો જથ્થો એટલે કે, સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં ૩૭૬ લાખ ગાંસડી (દરેક ૧૭૦ કિલોની) નો અંદાજ છે જેમાં કપાસની સિઝનની શરૂઆતનો ૨૮ લાખ ગાંસડી જથ્થાનો સમાવેશ થાય છે. કપાસની સિઝનમાં કુલ કપાસનો જથ્થો ૩૨૧ લાખ ગાંસડી અને ભારતીય કપાસ સંગઠન દ્વારા અંદાજીત ૨૭ લાખ ગાંસડી કપાસની આયાત જે અગાઉના વર્ષની ૧૫ લાખ ગાંસડીની આયાતની તુલનામાં ૧૨ લાખ ગાંસડી વધુ છે. ભારતીય કપાસ સંગઠને અંદાજે ૩૧૬ લાખ ગાંસડીના ઘરેલુ વપરાશનો અંદાજ મૂક્યો છે જે ગયા વર્ષની તુલનામાં સરખા દરે છે. સિઝનના અંતે આગળથી લઈ આવેલ જથ્થો અંદાજે ૧૩ લાખ ગાંસડી છે.

**સરકાર માત્ર દાળ મિલોના વેપારીઓને જ બીજા વર્ષ માટે ક્વોટા હેઠળ કઠોળ આયાત પરવાનગી આપશે...**



સરકારે સતત બીજા વર્ષ માટે પ્રતિબંધિત કઠોળની આયાત માત્ર દાળ મિલોના વેપારીઓને વાર્ષિક મંજૂર કરેલ દાળના જથ્થાની આયાત કરવાની મંજૂરી આપી છે. જેમણે ગયા વર્ષે કઠોળની આયાત કરી હતી તેઓ સારા નફામાં હતા, તેથી આ ઉદ્યોગ આ વર્ષે કઠોળ આયાત કરવાની મંજૂરી મેળવવા માટે આવતી અરજીઓમાં પાંચથી આઠ ગણી અરજીઓ આવવાની અપેક્ષા રાખે છે. વાણિજ્ય મંત્રાલયે મંગળવારે દાળ પ્રોસેસર્સને આયાતને પ્રતિબંધિત કરવા અંગેની નોટીસ આપી હતી અને તેઓને ૨ લાખ ટન તુવેર અને ૧.૫ લાખ ટન મગ, અડદ અને વટાણાની આયાત કરવાની મંજૂરી આપી હતી. ભારતે કઠોળની આયાત પર નિયંત્રણો મૂક્યા હોવાથી કઠોળની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં મોટા પાયે ઘટાડો થયો હતો. સ્થાનિક ભાવોમાં ઘટાડો થવા છતાં, દાળ મિલોના વેપારીઓને ૨૦૧૮-૧૯ માં આયાત કરેલ કઠોળમાંથી દાળ બનાવવા પર સારો નફો થયો હતો.

અખિલ ભારતીય દાળ મિલર્સ સંગઠને (અઈઉખઅ)માંગણી કરી હતી કે માત્ર દાળ મિલોને પ્રતિબંધિત માત્રામાં કઠોળ આયાત કરવાની મંજૂરી આપવામાં આવે. બહુરાષ્ટ્રીય કંપનીઓ કઠોળની આયાત કરીને તેની સંગ્રહખોરી કરતી હોવાથી સટ્ટાકીય ભાવોમાં વધારો થતો હતો. અગાઉના વર્ષોમાં દાળ મિલર્સ તેમનો કાચો માલસામાન સીધા જ આયાત કરતા હોવાથી કઠોળના ભાવ સ્થિર રહ્યા હતા તેમ અખિલ ભારતીય દાળ મિલર્સ સંગઠનના અધ્યક્ષ સુરેશ અગ્રવાલે જણાવ્યુ હતુ.

૨૦૧૮-૧૯માં, સરકારે ૮ લાખ ટન કઠોળની આયાત કરવાની મંજૂરી આપી હોવા છતાં, દાળ ઉદ્યોગનો એવો અંદાજ છે કે દેશમાં આશરે ૨ મિલિયન ટન કઠોળની આયાત કરવામાં આવી હતી. કારણ કે વિદેશ વેપારના મહાનિદેશકના ફક્ત દાળ મિલોને જ કઠોળ આયાત કરવાની છૂટ છે તેવા હુકમની સામે દાળના વેપારીઓ કોર્ટમાં જતા કોર્ટે તેની સામે મનાઈ હુકમ આપેલ હતો. જાન્યુઆરી ૨૦૧૯ થી, વાણિજ્ય મંત્રાલયે આ બાબતમાં સૂચનાઓ બહાર પાડી છે કે, જેને કોર્ટમાં પડકારવામાં નહિ આવે, કારણ કે આવી બધી બાબતોમાં મંત્રાલયને નિર્ણય લેવાનો અધિકાર છે. કઠોળની આયાત કરવા માટેના દાળ મિલર્સ પર પ્રતિબંધિત કરવાના સરકારના નિર્ણયથી નાના એકમોની કઠોળ આયાત કરવામાં ભાગીદારી વધશે, કે જે પહેલાં માત્ર બહુરાષ્ટ્રીય કંપનીઓ અને મોટા વેપારીઓ સુધી જ મર્યાદિત હતી.

Book Post

To,

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

DOI : 27.05.2019

*Acknowledged the information used/taken from the public domain*

Uni Press